

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલ ના પ્રિ-પ્રાઈમરી વિભાગમાં ૨૧/૦૮/૨૦૧૯ બુધવારના રોજ જન્માષ્ટમીની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં નાના ભૂલકાઓએ રાધા અને કૃષ્ણ બનીને ઉત્સાહ ભેર ભાગ લીધો હતો. તેમજ કૃષ્ણ ધ્વારા મટકી પણ ફોડવામાં આવી હતી. શિક્ષકોએ કૃષ્ણ ના જીવન ચરિત્ર વિષે માહિતી પણ આપી હતી.

## લોહાણા યુવા સંગઠન દ્વારા રાસ ગરબા સાથે જન્માષ્ટમી ઉજવાશે

ગાંધીનગર, તા. ૨૧

લોહાણા યુવા સંગઠન ગાંધીનગર દ્વારા તા. ૨૪ ઓગષ્ટના રોજ જન્માષ્ટમી પ્રસંગે કૃષ્ણ જન્મોત્સવ જલારામ મંદિર સે-૨૯ ખાતે ઉજવશે. આ પ્રસંગે રાસ ગરબા પણ યોજાનાર છે. જેમાં રાસ ગરબે ઘુમતા ખેલૈયાઓને ઈનામોથી પ્રોત્સાહિત કરવામાં આવશે. શનિવારના રોજ રાત્રે ૮.૩૦ થી ૧૧ દરમિયાન રાસ ગરબા, ૧૧ થી ૧૧.૧૫ મટકી ફોડ, ૧૧.૧૫ થી ૧૧.૩૦ ઈનામ વિતરણ અને રાત્રે ૧૨ વાગ્યે કૃષ્ણ જન્મોત્સવ યોજાશે. નગરજનોને કાર્યક્રમમાં ભાગ લેવા લોહાણા યુવા સંગઠન અને જલારામ સેવા સમાજ દ્વારા જણાવાયું છે.

# બાપુ ગુજરાત નોલેજ વિલેજ કેમ્પસમાં રાષ્ટ્રીય લેવલના એનસીસી કોર્સનો પ્રારંભ



ગાંધીનગર, તા. ૨૧

'બાપુ ગુજરાત નોલેજ વિલેજ' કેમ્પસની સંલગ્ન સંસ્થા 'શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી'એ વર્ષ ૨૦૧૯થી ગુજરાત રાજયમાં પ્રથમ આઈએસઓ એપલ લેબ તાજેતરમાં શરૂ થઈ છે અને ટૂંકા ગાળાના મોબાઈલ એપ્લિકેશનના વિવિધ કોર્સ શરૂ કર્યા છે. આ સિધ્ધિની સાથે સાથે વર્ષ ૨૦૧૯થી સંસ્થામાં રાષ્ટ્રીય લેવલના એનસીસીની પણ શરૂઆત થઈ છે.

એનસીસીનો કોર્સ વિદ્યાર્થીઓમાં શીસ્ત, લીડરશીપ અને દેશની વિવિધતામાં એકતાનો સંદેશ આપે છે. ગુજરાત રાજયની સેલ્ફ ફાઈનાન્સ સંસ્થાઓમાં ખૂબ જ જુજ સંસ્થાઓમાં એનસીસી જેવા કોર્સ ચલાવવામાં આવે છે. આ કોર્સ ગાંધીનગર સે-૧૫ ખાતે આવેલા ૨, ગુજરાત ઈન્ડેયની આર્મિ વિંગ સાથે સંકળાયેલ છે. સમગ્ર એનસીસી કોર્સનું સંચાલન સંસ્થાના એનસીસી 'સી' સર્ટીફીકેટ હોલ્ડર પ્રો. રસિક તન્ના કરે છે. સંસ્થાની આ સિદ્ધિ બદલ ટ્રસ્ટિ શ્રી ભરતસિંહ વાઘેલા, ડાયરેકટર પ્રો. રવિકુમાર, પ્રિન્સિપાલ ડૉ. કિંજલ અધવર્યુ તથા સમગ્ર સ્ટાફે અભિનંદન પાઠવ્યા હતા.

## ડાયરેક્ટ ❤ સે

વહાણ દરિયાકિનારે
હંમેશાં સલામ હોય છે
પરંતુ એ
દરિયાકિનારે રહેવા માટે
નથી સર્જાયું

## જન્મદિને વધામણી



સુશીલાબેન કચરાભાઈ ભાવસાર



યશ મહેશકુમાર મોડ
મો. ૯૮૯૮૯ ૦૦૧૦૧



ધૃતિ જે શાહ
મો. ૯૪૨૬૩ ૩૦૨૭૩

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# દિલ્હી પબ્લિક સ્કૂલમાં ઉજવાયો વર્લ્ડ સિનિયર સિટિઝન ડે



ગાંધીનગર, તા. ૨૧

દાદા-દાદી ઘરની આધારશીલા છે અને બાળકોને આ જ નૈતિક મૂલ્યોનાં સીંચન માટે દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગર ખાતે વર્લ્ડ સિનિયર સિટિઝન ડેની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે બાળકોનાં દાદા-દાદીને પણ સ્કૂલમાં આમંત્રિત કરવામાં આવ્યાં હતાં. ધોરણ-૬ અને ૭ના વિદ્યાર્થીઓએ તેમની સમક્ષ સાંસ્કૃતિક કૃતિઓની રજૂઆત કરી હતી. આચાર્ય અતનુ રથ દ્વારા પારિવારિક મૂલ્યોનાં મહત્ત્વને જીવનમાં ઉતારવાની શીખ વિદ્યાર્થીઓને આપી હતી.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર સી પટેલ સેકન્ડરી અને હાયર સેકન્ડરી સ્કૂલ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આચાર્ય વિનોદભાઈ, શિક્ષકો અને વિદ્યાર્થીઓએ સાથે મળીને પ્રાંતિયા મુકામે ૨૦૦ જેટલાં રોપાંનું આરોપણ કર્યું હતું.




અલ્પ હ્યુમન બિઈંગ ચેરિટેબલ ફાઉન્ડેશન અને ઈન્ટરનેશનલ લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફોર્ટ તરફથી દેશના સ્વતંત્રતા દિવસ નિમિત્તે જરૂરિયાતમંદ બાળકોને બિસ્કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સેકન્ડરી અને હાયર સેકન્ડરી સ્કૂલ દ્વારા સંસ્કૃત દિવસની ઉજવણી અંતર્ગત શ્લોકગાન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રાવણ માસ નિમિત્તે શિવમહિમા ઉજાગર કરતા શ્લોકોનાં પઠન ઉપરાંત સંસ્કૃત સાહિત્યનું પ્રદર્શન પણ આ પ્રસંગે યોજવામાં આવ્યું હતું. શાળાનાં શિક્ષક વૈશાલી દવે, શિલ્પા કક્કર, સુપર્ણા મુખર્જી, ચિઓિ વ્યાસના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમની ઉજવણી હાથ ધરવામાં આવી હતી. દેવ્યાની શુક્લ દ્વારા નિર્ણાયક તરીકે સેવા આપવામાં આવી હતી. આચાર્ય અર્પિત ક્રિશ્ચિયને આ પ્રસંગે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.



ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કુલપતિ ડૉ. હર્ષદ પ્ર શાહ, કુલસચિવ ડૉ. અશોકભાઈ પ્રજાપતિ, સંશોધન નિયામક ડૉ. કમલામણી રાવ, શિક્ષણ નિયામક ડૉ. મીનળબા જાડેજા, પરીક્ષા નિયામક ડૉ. જિજ્ઞેશ પટેલ અને અધ્યાપકો, સ્ટાફ પરિવાર અને અનુસ્નાતક વિદ્યાર્થીઓ આ ઉપક્રમમાં જોડાયા હતા. યુનિવર્સિટી પરિસરમાં ૫૦ જેટલાં રોપાં આરોપીને તેમના ઉછેર માટે સૌ સંકલ્પબદ્ધ થયાં હતાં. પ્રત્યેક વિદ્યાર્થીને એક વૃક્ષ ઉછેરવાની જવાબદારી સોંપવામાં આવી હતી. કાર્યક્રમ સંયોજક તરીકેની જવાબદારી ડૉ. નીલેશ પંડ્યાએ નિભાવી હતી.

# સદ્ગતની સ્મૃતિની મહેક પ્રસરાવતું પુસ્તક : કુસુમ


જીવન ક્ષણભંગુર છે ને મૃત્યુ નિશ્ચિત છે એ હકીકત આપણે સૌ જાણીએ છીએ અને સ્વીકારીએ છીએ. તેમ છતાં સ્વજનની સ્મૃતિ જ્યારે હૈયામાં સળવળે છે ત્યારે એના દર્દની ટીસ સમગ્ર અસ્તિત્વને હલાવી મૂકે છે. સદ્ગત સ્વજન સાથે જોડાયેલી તારીખ કે તિથિ અથવા તેમની સાથે જોડાયેલી કોઈ વ્યક્તિ એમની યાદ અપાવે ત્યારે સ્વજનની ખોટ સૌથી વધુ સાલે છે.

દરેક વ્યક્તિ પોતાના સ્વજન માટે આવી જ લાગણી અનુભવે છે ને દુખનો અનુભવ પણ કરે છે. પરંતુ, બીજું કંઈ કરી શકતા નથી. બીજું થઈ પણ શું શકે? એ સવાલનો જવાબ થોડો લોકો પાસે છે પણ ખરો. અનાથાશ્રમનાં બાળકોને ભોજનથી માંડીને વૃધ્ધાશ્રમમાં ઓરડો બનાવવા માટે રૂપિયા સદ્ગતની સ્મૃતિમાં આપનારા લોકો આપણી વચ્ચે જ શ્વસે છે. જેમના પ્રયાસોને કારણે સદ્ગતનું નામ એમના ગયા પછી પણ જીવ્યા કરે છે. આવો જ એક પ્રયાસ એટલે સદ્ગત પાછળ સાહિત્ય પ્રકાશન કરવાનો પ્રયાસ.




ગાંધીનગરમાં વસતાં સન્નારી કોકિલાબેન જયપ્રકાશ ભટ્ટે આ પ્રયાસ કર્યો છે ને સરાહનાયોગ્ય કર્યો છે. સદ્ગતની સ્મૃતિમાં બહાર પાડવામાં આવેલું સ્વરૂપ છે પુસ્તકનું અને નામ છે : કુસુમ.

કુસુમ એ જયપ્રકાશભાઈનાં સ્વર્ગસ્થ બહેનનું નામ, જેમની સ્મૃતિમાં જયપ્રકાશભાઈનાં પત્ની



**પુસ્તક પરિચય**
કુંતલ નિમાવત
knn786@gmail.com

કોકિલાબેન દ્વારા આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. એટલે વાસ્તવિક રીતે જોઈએ તો કોકિલાબેન દ્વારા પોતાનાં નણંદની સ્મૃતિમાં આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. અલબત્ત, આ પુસ્તક એ માત્ર પોતાનું સર્જન નથી, સમગ્ર પરિવાર અને કુસુમબેનનાં અસંખ્ય સ્નેહીઓનો સહયોગ પુસ્તક માટે મળ્યો છે એવું કોકિલાબેન કૃતજ્ઞતાપૂર્વક સ્વીકારે છે.

જેમની સ્મૃતિમાં અને જેમના નામે આ પુસ્તક રચાયું છે એ કુસુમબેનનો પરિચય પુસ્તકના પહેલા જ પ્રકરણ 'ભાલકચેરીનું ભાવપુષ્પ'માં ભાવનગરના અજય પાઠક દ્વારા સરસ રીતે આપવામાં આવ્યો છે. તેઓ લખે છે,

'ભાવનગરમાં રાણીકા વિસ્તારમાં પીરની દરગાહ પાસે ભાલકચેરી નામનો એક ડેલો હતો. જેમાં કોઈ એક સમયે ૧૦-૧૨ કુટુંબોનો વસવાટ હતો. મુખ્યત્વે પ્રશ્નોરા બ્રાહ્મણ જ્ઞાતિનાં કુટુંબો રહેતાં હતાં. ક્રમશઃ અન્યત્ર વસવાટની વધુ સારી વ્યવસ્થા મળવાથી મોટા ભાગનાં કુટુંબો ભાલકચેરીમાંથી બીજી જગ્યાએ વસવાટ અર્થે ગયા, પરંતુ લાંબા સમય સુધી, ચાર પેઢી પર્યંત જે કુટુંબ અહીં રહ્યું તે શ્રી અરવિંદરાય માનશંકર ભટ્ટનું કુટુંબ. અરવિંદરાય તથા માનશંકર પુત્ર-પિતા રેલવેમાં વડી કચેરીમાં નોકરી કરતા હતા, ભાલકચેરીમાં તેમનું ભાડાનું ઘર હતું. અરવિંદરાય માનશંકર તથા પત્ની ચંપાબેન માણેકલાલ ભટ્ટને પાંચ સંતાનો, જે પૈકી ચાર પુત્રો - જયપ્રકાશ, પ્રદીપ, પ્રશાંત તથા પરિક્ષિત.... આ ચાર ભાઈઓની બહેન કુસુમ તે ભાવકચેરીનું ભાવપુષ્પ...'

પુસ્તક જોતાં જ ખ્યાલ આવી જાય કે કુસુમબેન કોઈ સાધારણ પ્રતિભાવાળાં વ્યક્તિ નહોતાં. પુસ્તકમાં એમની પ્રતિભાનાં અનેક પાસાઓની સતસવીર છણાવટ કરવામાં આવી છે, જે એ બાબતની સાક્ષી પૂરે છે કે કુસુમબેન ભરપૂર જિંદગી જીવ્યાં છે.

આ વાતનો પુરાવો તેમનાં સૌ સ્નેહીઓએ પણ આપ્યો છે. પુસ્તકનાં શરૂઆતનાં પ્રકરણોમાં કુસુમબેનનાં સઘળાં સ્નેહીઓએ એમને શબ્દાંજલી અર્પણ કરીને એ કેટલાં સ્નેહસભર અને સ્નેહીઓમાં કેટલાં પ્રિય હશે એ વાતનો પરચો આપ્યો છે.

એ ઉપરાંત પુસ્તકમાં ભજનો છે, બાળકાવ્યો છે, સ્તુતિ છે અને કુસુમબેનને ગમતાં ગીતો પણ છે. કુસુમબેન સાથે જોડાયેલાં લોકો માટે તો આ અમોલો દસ્તાવેજ છે જ પરંતુ સામાન્ય વાચકો માટેય વાંચવાયોગ્ય ને સંઘરવાયોગ્ય પ્રકાશન બન્યું છે આ પુસ્તક.

પુસ્તકની સામગ્રી માટે લેવામાં આવેલી માવજત ખરેખર કાબિલે તારીફ છે; પુસ્તકનું સ્વરૂપ પણ સુઘડ અને સ્વચ્છ.

પુસ્તકમાં રહી ગયેલી ભૂલોને છેલ્લા પાને સુધારી લેવામાં આવી છે એ તો ખરેખર સલામરૂપ કાર્ય. છેલ્લા પાને એક નાની યાદી આપવામાં આવી છે, જેમાં પુસ્તકમાં રહી ગયેલી ભૂલો આપવામાં આવી છે અને તેને સુધારીને શું વાંચવું એ પણ આપવામાં આવ્યું છે, જે ખરે જ સરાહના પામે તેવું કાર્ય છે.

પોતાના સદ્ગત માટે પુસ્તક પ્રકાશન કરવા ઈચ્છતા દરેક વ્યક્તિએ એકવાર અવશ્ય જોઈ લેવું જોઈએ એવું ઉદાહરણરૂપ કાર્ય કોકિલાબેન અને એમના પરિવારે કર્યું છે. એ બદલ એમને ધન્યવાદ અને પુસ્તકને અંતરથી આવકાર.

પુસ્તક : કુસુમ
સંકલન : કોકિલા ભટ્ટ, ગાંધીનગર
પ્રકાશક : સદ્ગત અરવિંદરાય માનશંકર ભટ્ટ પરિવાર
મૂલ્ય : સદ્ભાવના
પ્રાપ્તિસ્થાન : કોકિલાબેન ભટ્ટ (૨૩૨૩૪૪૪૩)
ઉમાબેન ભટ્ટ (૨૩૨૪૧૦૨૧)
મુદ્રક : કૅપિટલ ઑફસેટ, ગાંધીનગર

## વર્તમાનપત્રોનો અનુભવ

॥ બીજો મણકો ॥

પણ આટલાં વર્ષો પછી મને લાગે છે કે એ એ છાપાએ કોમની સારી સેવા કરીછે. તેમાંથી પૈસા પેદા કરવાનો ઈરાદો તો કોઈનો નહોતો.

મારે હસ્તક હતું ત્યાં સુધીમાં એમાં થયેલા ફેરફારો મારી જિંદગીના ફેરફારો સૂચવનારા હતા. જેમ અત્યારે 'યંગ ઈન્ડિયા' અને 'નવજીવન મારા જીવનના કેટલાક ભાગનો નિચોડ છે તેમ 'ઈંડિયન ઓપીનિયન' હતું. તેમાં હું પ્રતિ સપ્તાહ મારો આત્મા રેડતો, ને હું જેને સત્યાગ્રહરૂપે ઓળખતો હતો તે સમજાવવા પ્રયત્ન કરતો. જેલના સમયો બાદ કરતાં દસ વર્ષો સુધીના, એટલે ૧૯૧૪ની સાલ સુધીના, 'ઈંડિયન ઓપીનિયન'ના એવા અંકો ભાગ્યે જ હશે જેમાં મેં કંઈ નહીં લખ્યું હોય. એમાં એક પણ શબ્દ મેં વગરવિચાર્યે, વગરતોળ્યે લખ્યો હોય, કે કોઈને કેવળ ખુશ જ કરવાને ખાતર લખ્યો હોય, કે જાણી જોઈને અતિશયોક્તિ કરી હોય એવું મને યાદ નથી. મારે સારું એ છાપું સંયમની તાલીમ થઈ પડ્યું હતું, મિત્રોને સારુ મારા વિચારો જાણવાનું વાહન થઈ પડ્યું હતું, ટીકાકારોને તેમાંથી ટીકા કરવાનું બહુ ઓછું મળી શકતું. હું જાણું છું કે એના લખાણો ટીકાકારને પોતાની કલમ ઉપર અંકુશ મેલવા ફરજ પાળતાં. એ છાપાં વિના સત્યાગ્રહની લડત ન ચાલી શકત. વાંચનાર વર્ગ એ છાપાને પોતાનું સમજી તેમાંથી લડતનું ને દક્ષિણ આફ્રિકાના હિંદીઓની હાલતનું ખરું ચિત્ર મેળવતો.




આ છાપા વાટે રંગબેરંગી મનુષ્ય સ્વભાવને જાણવાનું મને બહુ મળ્યું. તંત્રી અને ગ્રાહકની વચ્ચે નિકટ ને સ્વચ્છ સંબંધ બાંધવાની જ ધારણા હોવાથી મારી પાસે હ્રુદય ઠાલવનારા કાગળોના ઢગલા થતા.તેમાં તીખાં, કડવાં, મીઠાં એમ ભાતભાતનાં લખાણો મારી પાસે આવે. તે વાંચવાં, વિચારવાં, તેમામ્થી વિચારોનું તારણ કરી જવાબ આપવા, એ મારે સરુ ઉતમ શિક્ષણ થઈ પડ્યુ.તે વાટે હું કોમમાં ચાલતી વાતો ને વિચારો કેમ જાણે સાંભળતો હોઉં નહીં, એવો અનુભવ મને થયો. તંત્રીની જવાબદારી હું સારી પેઠે સમજતો થયો, ને મને કોમના માણસો ઉપર જે કાબૂ મલ્યો તેથી ભવિષ્યમાં થનારી લડત શક્ય હોઈ, શોભી ને તેને જોર મળ્યું.

વર્તમાનપત્રો સેવાભાવથી જ ચાલવા જોઈએ એ હું 'ઈંડિયન ઓપીનિયન'ના પહેલા માસની કારકિર્દીમાંથી જ જોઈ ગયો. વર્તમાનપત્ર એ ભારે શક્તિ છે. પણ જેમ નિરંકુશ પાણી નો ધોધ ગમનાં ગામ ડુબાવે છે ને પાકનો નાશ કરે છે, તેમ નિરંકુશ કલમનો ધોધ નાશ કરે છે. એ અંકુશ બહારથી આવે તો તે નિરંકુશતા કરતાં વધારે ઝેરી નીવડે છે. અંદરનો અંકુશ જ લાભદાયી હોઈ શકે.

આ વિચારસરણી સાચી હોય તો દુનિયાનાં કેટલાં વર્તમાનપત્રો નભી શકે? પણ નકામાંને બંધ કોણ કરે? કોણ કોને નકામું ગણે? કામનું ને નકામું સાથે સાથે જ ચાલ્યા કરવાનાં. તેમાંથી મનુષ્યે પોતાની પસંદગી કરવાની રહી.

'સત્યના પ્રયોગો'માંથી સાભાર